VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# તારુણ્ય શિક્ષણ કાર્યક્રમ માટે બહુમાધ્યમ સંપુટની રચના

## ડૉ. નિલેશ કાપડિયા

આસિસ્ટન્ટ પ્રોફેસર,
હિન્દી શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા (IASE),
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**સારાંશ:**

તારુણ્ય શિક્ષણ સંવેદનશીલ વિષય છે. આ વિષયને સમજાવવા માટે પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ બિનઅસરકારક છે. આપણી શાળાઓમાં મોટાભાગે પ્રવચન આધારિત જ ભણાવવામાં આવે છે. આજના વિજ્ઞાન અને ટેકનોલજિના યુગમાં કોઈપણ વ્યક્તિ સુધી અસરકારક માહિતી પહોંચાડવા માટે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો સુલભ છે. માધ્યમિક કક્ષાએ તારુણ્ય શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા પર દેશના ચિંતકોએ ભાર મૂક્યો છે. વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાનમાં રાખીને બહુમાધ્યમ સંપુટ અભિગમ દ્વારા શીખવવામાં આવે તો જ તારુણ્ય શિક્ષણનું કાર્ય જીવંત બનાવી શકાય. સંશોધકે માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ તરુણાવસ્થાની લાક્ષણિકતાઓ સમજી શકે તે પ્રકારે બહુમાધ્યમ સંપુટની રચના કરી હતી. જેમાં ગીતની સીડી, સ્લાઈડ શૉ, ફિલ્મ દર્શન, પ્રદર્શન અને માહિતી પત્રિકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો**: તારુણ્ય શિક્ષણ, બહુમાધ્યમ સંપુટ, માધ્યમિક શાળા, શારીરિક વૃદ્ધિ અને વિકાસ, HIV/AIDS

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં તારુણ્ય શિક્ષણની સરળ અને સહજ રીતે સમજ વિકસે તેવી રીતે આ બહુમાધ્યમ સંપુટની રચના કરવામાં આવી છે. જેમાં ગીતની સીડી, સ્લાઈડ શૉ, ફિલ્મ દર્શન, પ્રદર્શન અને માહિતી પત્રિકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિષયવસ્તુ તરીકે શારીરિક વૃદ્ધિ અને વિકાસ, HIV/AIDS અને નશીલાં દ્રવ્યો વિશે બહુમાધ્યમ સંપુટ દ્વારા સમજણ આપવામાં આવી હતી.

ગીતની સીડી: ગીત સંવેદનાઓને વ્યકત કરવાનું સબળ માધ્યમ છે. કેટલાંક ગીતોમાં તરુણાવસ્થાની મૂંઝવણો, સ્વપ્નાઓ, આકર્ષણ અને લાગણીઓ આબાદ રીતે ઝીલાઈ છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિ શ્રી રમેશ પારેખની બે રચનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રથમ ગીત 'એક છોકરાએ સીટીનો હિંચકો બનાવીને છોકરીને કીધું, લે ઝૂલ.' અને બીજું ગીત, 'એક છોકરી ના હોય ત્યારે, કેટલા અરીસાઓ સામટા ગરીબ બની જાય છે.' આ ગીતોમાં છોકરા અને છોકરીની સંવેદનાઓને અદ્દભૂત રીતે વ્યકત કરવામાં આવી છે.

સ્લાઈડ શૉ: આપણા ઋષિઓ અને પૂર્વજોએ ધર્મની સાથે જ 'કામ' ને રાખ્યો છે. આથી સેક્સ એ કુદરતી અને સહજ પ્રક્રિયા છે. જો મૈથુન ક્રિયાનાં શિલ્પો શામળાજી, મોઢેરા અને અજંતા-ઈલોરાની ગુફાઓમાં મૂકાયાં હોય તો આપણા શરીરની રચના વિશે જાણવું કોઈ શરમ, સંકોચ કે ખરાબ બાબત નથી. શારીરિક વૃદ્ધિ અને વિકાસના એકમને શીખવવા માટે વિભિન્ન સ્લાઈડ તૈયાર કરવામાં આવી હતી. જેમાં સ્ત્રી અને પુરૂષનાં પ્રજનન અંગો, ફલિનીકરણ, કોષવિભાજન, ગર્ભાધાન, ગર્ભનો ક્રમિક વિકાસ, પ્રસવ પ્રક્રિયાની વિશેની સચિત્ર રજૂઆત કરવામાં આવી હતી.

ફિલ્મ દર્શન: ફિલ્મ પ્રત્યક્ષ અનુભવો આપવા માટેનું અસરકારક સાધન છે. ફિલ્મ વિદ્યાર્થીઓમાં રસ અને જિજ્ઞાસાવૃત્તિ વધારે છે. અભ્યાસના મુદ્દાઓ શીખવવા માટે નીચે મુજબની ફિલ્મોની પસંદગી કરવામાં આવી હતી.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

1. ભ્રૂણહત્યા:

દર વર્ષે 8મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવાય છે. રાબેતા મુજબના ભાષણો અને રેલીઓ પછી ઠેર ના ઠેર. વિજ્ઞાને જે શોધ માનવીની ભલાઈ માટે કરી હતી તેનો આજે બેફામ દુરઉપયોગ થઈ રહ્યો છે. નવરાત્રિમાં માતાજીની આરાધના કરનારા, લક્ષ્મી અને સરસ્વતીની પૂજા કરનારા આપણે 'જીવતી' લક્ષ્મીને જન્મતાં પહેલાં જ ગર્ભમાં હત્યા કરીએ છીએ. આપણા પૂર્વજો સારા હતા કે પહેલાં દીકરીને પૃથ્વી ઉપર બે શ્વાસ લેવાની તક આપતા હતા અને ત્યારબાદ 'દૂધ પીતી' કરવામાં આવતી હતી. એક ડૉક્ટર દ્વારા ગર્ભપાત કેવી રીતે કરવામાં આવે છે અને તેની ગર્ભ ઉપર કેવી ભયાનક અસર થાય છે તેની રૂવાડાં ખડી કરી દેતી આ ફિલ્મ છે.

2. મેરા નામ જોકર:

પ્રખ્યાત અભિનેતા અને દિગ્દર્શક રાજકપુરની આ ફિલ્મમાં એક શિક્ષિકા અને વિદ્યાર્થીના સંબંધને ખૂબ જ કલાત્મક રીતે વર્ણવામાં આવ્યો છે. તરુણાવસ્થામાં પ્રવેશેલા છોકરામાં કેવા મનોશારીરિક ફેરફારો થાય છે તેની સુંદર રજૂઆત કરવામાં આવી છે. શિક્ષિકા પોતાના વિદ્યાર્થી સાથે કેટલી સહજતાથી વર્તે છે તથા રાજુને તેણી પ્રત્યેનું અદમ્ય આકર્ષણ, અર્ધનગ્ન હાલતમાં પોતાની શિક્ષિકાને જોયા પછી તેને અનુભવાતી પાપગ્રંથી અને ત્યારબાદ ચર્ચમાં જઈને પોતે કરેલ ભૂલનો સ્વીકાર કરે છે. રાજુ શિક્ષિકાને કહે છે કે મેં પાપ કર્યું છે. શિક્ષિકા રાજુને કહે છે કે "બચ્ચે કભી પાપ નહીં કરતે" ત્યારે રાજુ વેધક રીતે જવાબ આપે છે કે "મેં બચ્ચા નહીં હૂં".

આમ તરુણાવસ્થાની મૂંઝવણ, જિજ્ઞાસા, કુતુહલ, આકર્ષણ આ ફિલ્મમાં ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પોતાને અનુભવાતી સંવેદનાઓને આ ફિલ્મ દ્વારા સારી રીતે સમજી શકે છે.

3. એક છોટી સી લવસ્ટોરી:

આ ફિલ્મમાં એક તરુણ તેના સામેના ફ્લેટમાં રહેતી યુવતી પ્રત્યે એકતરફી અદમ્ય આકર્ષણ અનુભવે છે તેની રજૂઆત કરવામાં આવી છે. સાઈકલ લઈને સતત તેનો પીછો કરવો, દૂધવાળો બનીને તે યુવતીને જોવી, પોતાના ઘરમાંથી દૂરબીન દ્વારા તેની પ્રત્યેક હીલચાલ નિહાળવી, રાત-દીવસ તેના જ વિચારોમાં રહેવું. ત્યાર પછી યુવતી સાથે તેની મુલાકાત થાય છે. યુવતીને તરુણ કહે છે કે 'હું તને પ્રેમ કરું છું.' યુવતી દ્વારા જિંદગીના વાસ્તવિક અનુભવો રજૂ થાય છે. અંતમાં યુવતી તેના શરીરને સ્પર્શ કરે છે, તરૂણ હચમચી જાય છે અને ઘરે આવીને આપઘાતનો પ્રયાસ કરે છે. આ ફિલ્મ દ્વારા તરૂણાવસ્થામાં અનુભવાતી અદમ્ય ઈચ્છાઓ અને સંવેદનાઓને વ્યકત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ આ ફિલ્મના પાત્ર સાથે તાદત્મ્ય અનુભવે છે. આ ફિલ્મ દ્વારા તેવો શારીરિક, માનસિક, સાંવેગિક અને જીવનના વાસ્તવિક અનુભવોથી પરિચિત થાય છે.

4. સુબહ હોને તક:

ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા નિર્માણ થયેલી આ ફિલ્મમાં આધુનિક રોગ એઈડ્સ વિષેની જાણકારી અને સમજ આપવામાં આવી છે. આ ફિલ્મમાં એઈડ્સ શું છે? કેવી રીતે થાય છે? તેનાં લક્ષણો શું છે? એઈડ્સને અટકાવવા શું કરવું જોઈએ? તેની માહિતી રોચક કથાવસ્તુ દ્વારા અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે.

આ ફિલ્મોની કથાવસ્તુ હૃદયને સ્પર્શી જાય તેવી અને તેના કલાકારોની અભિવ્યક્તિ ખૂબ જ અસરકારક છે. ફિલ્મોના પસંદ કરેલા ક્લિપીંગ બતાવ્યા પછી સંશોધક દ્વારા તેની તલસ્પર્શી છણાવટ વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી.

પ્રદર્શન: તારુણ્ય શિક્ષણ માટે પ્રદર્શન એક અસરકારક સહઅભ્યાસિક પ્રવૃત્તિ છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા પ્રકાશિત તારુણ્ય શિક્ષણ અને એઈડ્સની માહિતી રજૂ કરતા પ્રદર્શનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં વૈવિધ્યપૂર્ણ માહિતી રજૂ કરતા ચાર્ટસનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં જીવન કૌશલ્યો (Life Skills) નું માર્ગદર્શન, તારુણ્ય શિક્ષણની આવશ્યકતા, મિત્રોના ખોટા દબાણો, છોકરા-છોકરીઓમાં થતા

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

શારીરિક ફેરફારો, પ્રજનન અંગોની જાણકારી, માસિક સ્ત્રાવ, ગર્ભાધાન, ગર્ભનિરોધક, જાતીય રોગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

માહિતી પત્રિકા: તારુણ્ય શિક્ષણની સમજ આપવા માટે GCERT, ગાંધીનગરના વસતી શિક્ષણ એકમ દ્વારા તૈયાર કરેલ માહિતી પત્રિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં તારુણ્ય શિક્ષણનું વિષયવસ્તુ, તારુણ્ય શિક્ષણ શા માટે? તારુણ્ય શિક્ષણ કેવી રીતે? તરુણાવસ્થા, તરુણોની સમસ્યાઓ અને એઈડ્સની માહિતી પત્રિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આમ, બહુમાધ્યમ સંપુટમાં સંશોધકે ઉપર જણાવેલ શ્રાવ્ય, દ્રશ્ય-શ્રાવ્ય અને મુદ્રિત માધ્યમોની રચના કરી તેને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આખરી સ્વરૂપ આપ્યું હતું. સંશોધકે બહુમાધ્યમ સંપુટની રચનામાં વિદ્યાર્થીઓમાં જે જ્ઞાન, સમજ, વલણો અને મૂલ્યોનું સિંચન કરવાનું છે તેના પર ભાર મૂક્યો હતો.

## સંદર્ભસૂચિ

1. કાપડિયા, નિ; અને પટેલ, જે. એ. (2003). શાળા કક્ષાએ તારુણ્ય શિક્ષણ. (પ્રથમ આવૃત્તિ). જીસીઈઆરટી.
2. કાપડિયા, નિ. (2008). માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે તારુણ્ય શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ [અપ્રકાશિત પીએચ.ડી. શોધનિબંધ]. ગુજરાત યુનિવર્સિટી.

http://vidyajournal.org